◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

NEED24 NEWS
हर ख़बर, हर शहर

નીડ 24 ન્યૂઝ

દરેક ખબર, દરેક શહેર

◆ ADVT ◆
અહીં જાહેરાત આપો
98700 06472 · need24.digital

DIGITAL E-PAPER

PRGI APPLICATION UNDER PROCESS
Application No. T/GJ/2026/0619/2304/1577

GST
GSTIN 24CINPG0564Q1ZT

UDYAM REGISTERED
UDYAM-GJ-14-0003714

◆ DIGITAL NEWS NETWORK ◆
ભારતનું વિશ્વસનીય બહુભાષી ડિજિટલ ન્યૂઝ નેટવર્ક
11+ Languages | 24×7 Live | e-Paper Daily

અમારી App ડાઉનલોડ કરો
Download on the App Store
GET IT ON Google Play

www.need24.digital
info@need24.in
+91 98700 06472
FOLLOW US:

તેજ़ | सटीक | निष्पक्ष | जनहित में | सच की आवाज़ | जन-जन की आवाज़ | निडर पत्रकारिता

DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU | નીડ 24 ન્યૂઝ · દરેક ખબર, દરેક શહેર | 17 November 2026

LOCAL

મોટા સોનેલામાં ગુંજ્યો જનજાતીય ગૌરવનો નાદ - પ્રબુદ્ધ નાગરિક સંમેલન



નમસ્કાર, આપ સૌનું હાર્દિક સ્વાગત છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના મોટા સોનેલા ગામે આજે એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ દિવસની ઉજવણી થઈ. ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ચાલી રહેલા ‘જનજાતીય ગૌરવ સપ્તાહ’ અંતર્ગત ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે ‘પ્રબુદ્ધ નાગરિક સંમેલન’ યોજાયું.

આ સંમેલનની અધ્યક્ષતા રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રીશ્રી રમેશભાઈ કટારાએ કરી હતી.

સંમેલનમાં ઉપસ્થિત પ્રબુદ્ધ નાગરિકોને સંબોધતા મંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વર્ષ ૨૦૨૧થી દેશભરમાં ભગવાન બિરસા મુંડાની જન્મજયંતીની ભવ્ય ઉજવણી શરૂ થઈ છે, જેથી આવનારી પેઢી આ મહાન ક્રાંતિકારીના બલિદાન અને સંઘર્ષને હંમેશા યાદ રાખે.

તેમણે કહ્યું કે, આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ અને સમૃદ્ધિ માટે સરકાર સતત કટિબદ્ધ છે. આજે ગામેગામ પાકા રસ્તાઓ, આધુનિક દવાખાનાઓ, સ્માર્ટ ક્લાસ ધરાવતી શાળાઓ, એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ તેમજ એન્જિનિયરિંગ અને મેડિકલ કોલેજોની સુવિધા ઉપલબ્ધ બની છે.

કોરોના મહામારીના કપરા સમયમાં વિનામૂલ્યે વેક્સિન અને આજદિન સુધી ગરીબ પરિવારોને વિનામૂલ્યે અનાજ પૂરું પાડવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો. સાથે જ માનગઢ ધામના વિકાસ અને શહીદ ગુરુ ગોવિંદજીની સ્મૃતિઓને ઉજાગર કરવાના ઐતિહાસિક કાર્યને પણ તેમણે યાદ કર્યું.

મંત્રીશ્રીએ સંમેલનનો હેતુ સ્પષ્ટ કરતા કહ્યું કે, ગામના વરિષ્ઠ નાગરિકો, નિવૃત્ત શિક્ષકો, વડીલો અને બહેનો જ સમાજના સાચા આગેવાન છે. સમાજ સુધારણા, શિક્ષણનો વ્યાપ વધારવા અને સરકારની જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં પ્રબુદ્ધ નાગરિકોનું માર્ગદર્શન અત્યંત મહત્વપૂર્ણ છે. તેમણે જૂની પરંપરાઓ અને સંસ્કૃતિને જીવંત રાખવા પર પણ ભાર મૂક્યો.

મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણે જણાવ્યું કે, ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી પટ્ટામાં શિક્ષણ, આરોગ્ય અને રોજગારીની નવી તકો ઊભી થઈ છે. તેમણે બિરસા મુંડા યુનિવર્સિટી, ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વનબંધુ કલ્યાણ યોજના, શબરી હાટ, જોહર કાફે અને આશા બહેનોની કામગીરીનો ખાસ ઉલ્લેખ કર્યો.

સંતરામપુરના ધારાસભ્યશ્રી કુબેરભાઈ ડીંડોરે પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી યુવરાજ સિધાર્થ, નિવાસી અધિક કલેકટર શ્રી સી. વી. લટા, અગ્રણી શ્રી દશરથભાઈ બારીયા સહિત જિલ્લાના વિવિધ તાલુકા પંચાયત અને નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

તો આ હતી મોટા સોનેલાથી જનજાતીય ગૌરવ સપ્તાહની વિશેષ ઝલક. આવી જ વધુ અપડેટ માટે જોડાયેલા રહો.

— Hasmukh Bhoi

CRIME

સાબરકાંઠા જિલ્લામાં 2.40 કરોડ મૂલ્યનું વિદેશી દારૂ નાશ,40,000 બોટલો અને ટીન પકડાયા..



સાબરકાંઠામાં-:


16 નવેમ્બર 2026 ના રોજ સાબરકાંઠા જિલ્લામાં, વીરપુર બાયપાસ ઇડર રોડની આઈટીઆઈ સામે પોલીસ દળોએ વિદેશી દારૂની મોટી તસ્કરીને અટકાવી.પોલીસે 2.40 કરોડ રૂપિયાની કિંમતનું વિદેશી દારૂ કબ્જો કર્યું..

જેમાં ચાર પોલીસ સ્ટેશનોની હદમાં કુલ 40,000 બોટલો અને ટીન સામેલ હતા.કબ્જા કરાયેલ દારૂનું નાશ કરવામાં આવ્યું, જેથી જાહેર સુરક્ષા અને કાયદો અમલમાં રહેલો છે.

— એસ એ શિરોયા

CRIME

વિજયનગર, ચિતરીયા માં નાના ભાઈએ મોટા ભાઈના બંધ મકાનમાંથી રૂ. 5.59 લાખની ચોરી..



સાબરકાંઠામાં-:

વિજયનગરના ચિતરીયા વિસ્તારમાં, સગા નાના ભાઈએ મોટા ભાઈના બંધ મકાનમાંથી રૂ. 5.59 લાખની ચોરી કરી. આ ઘટના વાડામાં જ ચીભડાં ગળ્યાં તરીકે નોંધાઈ છે.મુખ્ય રીતે, મોટા ભાઈનું ઘર બંધ હતું અને કોઈને અંદર પ્રવેશ ન મળવો જોઈએ હતો..

પરંતુ નાના ભાઈએ આ સુરક્ષા તોડીને પૈસા ચોરી લીધા,ચોરીની રકમ રૂ.5.59 લાખ દર્શાવવામાં આવી છે..ઘટનાની જાણ સ્થાનિક અધિકારીઓને થઈ અને તપાસ ચાલુ છે.આ કિસ્સો સ્થાનિક લોકોમાં આશ્ચર્ય અને ચિંતાનો વિષય બની ગયો છે.

— એસ એ શિરોયા

LOCAL

ખેડબ્રહ્મામાં જનજાતીય ગૌરવ સપ્તાહમાં આદિજાતિ વિકાસ મંત્રીની ઉપસ્થિતિમાં નાગરિક સંમેલન..



જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત ખેડબ્રહ્મા ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું, જેમાં આદિજાતિ વિકાસ મંત્રી પી સી બરંડાની ઉપસ્થિતિમાં વિવિધ આદિવાસી સમુદાયો અને નાગરિકો ભાગ લીધો.મંત્રીએ સંમેલનમાં ઉપસ્થિત રહી આદિજાતિ વિકાસ માટે સરકારની યોજનાઓ અને સહાયની જાણકારી આપી, તેમજ આદિવાસી સમુદાયોના સામાજિક-આર્થિક વિકાસમાં સહકારની પુનઃ પુષ્ટિ કરી..

આ પ્રસંગે ભગવાન બિરસા મુંડા સહિત આદિજાતિ ક્રાંતિવીરોના શૌર્ય, સંઘર્ષ અને રાષ્ટ્રપ્રેમને યાદ કરવામાં આવ્યા. ભાગ લેનારોએ તેમની ગૌરવશાળી વારસાને નવી પેઢી સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો.સંમેલનનું સમાપન નવું પ્રેરણા અને પ્રતિબદ્ધતા સાથે થયું, જે આદિજાતિ સમુદાયો માટે ભવિષ્યમાં વધુ સશક્તિ અને સમાનતા તરફનું માર્ગદર્શન બનશે.

— એસ એ શિરોયા

CRIME

અરવલ્લી જિલ્લામાં ગેરકાયદેસર પોશડોડા અને હથિયારોની મોટી જપ્તી..



અરવલ્લી જિલ્લામાં પોલીસ ટીમે ગોળીબારી કર્યા પછી મહિન્દ્રા સ્કોર્પિયો ગાડીમાંથી ગેરકાયદેસર રીતે લઇ જવાતા 425.80 કિલો પોશડોડા જપ્ત કર્યા. આ પોશડોડાની અંદાજિત કિંમત રૂ. 63,87,000/- હતી.ગાડીમાંથી બે પિસ્તોલ,11 જીવતા કારતૂસ તેમજ અન્ય સામગ્રી મળી જેના કુલ મૂલ્ય રૂ. 85,08,100/- ગણવામાં આવ્યું.આ જપ્તી દ્વારા અપરાધી નેટવર્કને ભારે આઘાત પહોંચ્યો..

પોલીસ અધિકારીઓએ આ કામગીરી માટે પ્રશંસાપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા, જે તેમની ઉત્કૃષ્ટ કામગીરીનું પ્રતિબિંબ છે.જપ્તી કરાયેલા માલની તપાસ ચાલુ છે અને સંબંધિત કાયદાકીય કાર્યવાહી તાત્કાલિક શરૂ કરવામાં

— એસ એ શિરોયા

LOCAL

જૂનાગઢ પરિક્રમા માટે સ્થાનિક રિક્ષાચાલકોને પાસ આપવામાં આવશે: પોલીસ દ્વારા નવી વ્યવસ્થા



જૂનાગઢમાં યોજાનારી પરિક્રમા દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ યાત્રાળુઓને સુરક્ષિત અને સુખદ અનુભવ મળે તે હેતુથી પોલીસ તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસની સૂચના મુજબ, પરિક્રમા દરમિયાન માત્ર જૂનાગઢના સ્થાનિક રિક્ષાચાલકોને જ પાસ આપવામાં આવશે.

પાસ મેળવવા માટેની પ્રક્રિયા તા. ૧૭ અને ૧૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ હાથ ધરવામાં આવી છે. રિક્ષાચાલકોએ આ નિર્ધારિત તારીખો દરમિયાન પોતાના પાસ મેળવવાના રહેશે.

પાસ મેળવવા માટે પોલીસ દ્વારા કેટલીક કડક શરતો રાખવામાં આવી છે. રિક્ષાચાલકો પાસે રિક્ષાના તમામ જરૂરી દસ્તાવેજો હોવા ફરજિયાત છે. વધુમાં, રિક્ષાનો ઉપયોગ કોઈ પણ ગુનાહિત પ્રવૃત્તિમાં થયેલો ન હોવો જોઈએ અને રિક્ષાચાલકનો કોઈ ગુનાહિત ઇતિહાસ હોવો જોઈએ નહીં.

જૂનાગઢ પોલીસ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ પાસ માત્ર શહેરના સ્થાનિક રિક્ષાચાલકો માટે જ ઉપલબ્ધ રહેશે, જેથી પરિક્રમા દરમિયાન વ્યવસ્થા સુવ્યવસ્થિત રીતે ચાલી શકે.

— Bhalodiya Samirkumar

LOCAL

લીલીયા મોટાની 1985 બેચનું ભવ્ય સ્નેહમિલન શ્યામવાડીમાં



દિવાળીના પર્વ નિમિત્તે લીલીયા મોટાના 1985ની બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું શ્યામવાડી ખાતે ભવ્ય સ્નેહમિલન યોજાયું હતું. શ્રી અમૃતબા વિદ્યાલયમાં સાથે ભણેલા મિત્રો વર્ષો બાદ એક જ મંચ પર મળ્યા ત્યારે જાણે સમયનું ચક્ર ફરી વિદ્યાર્થીકાળમાં પહોંચી ગયું હોય તેવો માહોલ સર્જાયો હતો.

વિદેશથી લઈને મુંબઈ અને સુરત જેવા શહેરોમાં વસતા મિત્રો પણ ખાસ વતનના આંગણે આવી પહોંચ્યા હતા. પરિવારજનો અને ધર્મપત્નીઓ સાથે ઉપસ્થિત મિત્રોએ જૂની યાદો વાગોળી, સુખ-દુઃખની વાતો કરી અને મિત્રતાના સંબંધોને ફરી એકવાર જીવંત બનાવ્યા હતા.

ડોક્ટરો, સરકારી અધિકારીઓ અને વેપારી જગત સાથે જોડાયેલા મિત્રોએ પોતાના જીવનના અનુભવો પણ એકબીજા સાથે શેર કર્યા હતા.

ખરેખર, વર્ષો વીતી જાય, ઉંમર બદલાઈ જાય, જીવનની જવાબદારીઓ વધી જાય... પરંતુ શાળાના મિત્રો સાથે વિતાવેલી પળો ક્યારેય જૂની થતી નથી!

— Hanif Katiyar

વસતા મિત્રો પણ ખાસ વતનના આંગણે આવી પહોંચ્યા હતા. પરિવારજનો અને ધર્મપત્નીઓ સાથે ઉપસ્થિત મિત્રોએ જૂની યાદો વાગોળી, સુખ-દુઃખની વાતો કરી અને મિત્રતાના સંબંધોને ફરી એકવાર જીવંત બનાવ્યા હતા.

ડોક્ટરો, સરકારી અધિકારીઓ અને વેપારી જગત સાથે જોડાયેલા મિત્રોએ પોતાના જીવનના અનુભવો પણ એકબીજા સાથે શેર કર્યા હતા.

ખરેખર, વર્ષો વીતી જાય, ઉંમર બદલાઈ જાય, જીવનની જવાબદારીઓ વધી જાય... પરંતુ શાળાના મિત્રો સાથે વિતાવેલી પળો ક્યારેય જૂની થતી નથી!

— Hanif Katiyar

LOCAL

પાદરા માં 14-16 તારીખે કાર્નિવલ મેળો, ભારે જનસંખ્યા ઉપસ્થિત



પાદરા માં 14, 15 અને 16 તારીખે કાર્નિવલ મેળો યોજાયો, જેમાં ભારે જનસંખ્યા ઉપસ્થિત રહી.

મેળામાં સરસ મજાના અલગ અલગ કાર્યક્રમો રજૂ થયા, જે લોકોએ આનંદ માણ્યો.

આ મેળો સ્થાનિક સમુદાય માટે સાંસ્કૃતિક અને મનોરંજક કાર્યક્રમોનો મહત્વપૂર્ણ હિસ્સો હતો.

16 તારીખ ના છેલ્લા દીવશે પાદરા ના ફુલબાગ મા કાર્નિવલ મેળામાં ખુબ જ મોટી સંખ્યામાં પબ્લિક જોવા મળી અને આ સુંદર મજાના કાર્યક્રમ નો લાભ લીધો જેમા પાદરા તાલુકાના ના ઘણા બધા ગામે ગામ થી આ મેળામાં આવ્યા આ મેળો પાદરા મા પહેલી વાર યોજાયો અને મેળા ના આયોજન કરનાર પાદરા ના MLA એટલે કે શ્રી ચેતન્ય સિંહ ઝાલા થકી આ બધું આયોજન કરવામાં આવ્યું હતુ

શું તમે પણ આ મેળા માં ફરવા આવ્યા છો કોમેન્ટ માં જરૂર થી જણાવજો

— Rathod Mehulbhai

CRIME

જખૌ મરીન પોલીસ અને SOGએ ખિદરત ટાપુમાં બિનમંજૂરીથી પ્રવેશ કરનાર પાંચ માછીમારોને ધરપકડ



જખૌ મરીન પોલીસ અને પશ્ચિમ કચ્છની સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG)એ ખિદરત ટાપુ પર બિનમંજૂરીથી પ્રવેશ કરનાર પાંચ માછીમારોને ધરપકડ કરી. આ સંયુક્ત કાર્યવાહી દ્વારા કાયદો અને સુરક્ષાને લગતા નિયમોનું કડક પાલન સુનિશ્ચિત કરવામાં આવ્યું.

માછીમારો બોટ નંબર IND-GJ-12-MM-668, જેને "અજમેરી-26" તરીકે ઓળખવામાં આવે છે, દ્વારા ટાપુ પર આવ્યા હતા. ત્રણ વ્યક્તિ ટાપુ પર ઉતર્યા, જ્યારે બાકીના બે વ્યક્તિ બોટમાં રહીને નજર રાખતા હતા. તેઓ પાસે કોઈપણ પ્રકારનું પરમિટ ન હતું અને collector દ્વારા જારી કરાયેલ જાહેરનામાનો સ્પષ્ટ ભંગ કર્યો હતો.

પોલીસ અને SOGએ તરત જ તમામ પાંચ વ્યક્તિઓને કાયદેસરની કાર્યવાહી માટે હવાલ કરી. તેમને collectorની જાહેરનામાનો ભંગ કરવા માટે કડક શાસનાત્મક પગલાં લેવામાં આવશે, જેથી ભવિષ્યમાં આવા અનધિકૃત પ્રવેશો રોકી શકાય.

આ ઘટના કચ્છમાં કાયદો અને સુરક્ષા જાળવવાના મહત્વને ફરીથી ઉદ્દેશિત કરે છે અને સ્થાનિક સમુદાયને કાનૂની પ્રક્રિયાઓનું પાલન કરવા માટે ચેતવણી આપે છે.

— ODIYAN

તારીખ 16/11/2026,સોમવાર



તારીખ 16/11/2026,સોમવાર

કરમસદ ખાતે KDCC બેન્ક દ્વારા નાણાંકીય સાક્ષરતાલક્ષી કેમ્પ યોજાયો.

આણંદ જિલ્લા ના કરમસદ ગામ ખાતે વિવિધ ધિરાણલક્ષી કલ્યાણકારી યોજના તથા નાણાંકીય સાક્ષરતા કેમ્પનું અયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમને વિશેષ સંબોધન કરતા બેંકના ચેરમેન ડૉ. (માનદ) તેજસકુમાર પટેલ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારના પ્રથમ સહકારીતા મંત્રી અમિત શાહ જ્યારે ભારતને આત્મનિર્ભર તરફ લઈ જવાના પ્રયાસો કરી રહ્યા છે. ત્યારે તેઓએ ખેડૂતો, પશુપાલકો યુવાનોને આત્મનિર્ભરનો સાચો અર્થ સમજાવ્યો હતો.

આ કાર્યક્રમમાં વ્યક્તિગત તથા મંડળીને બેંકની સોલાર રુફટોપ યોજનાનો લાભ લઇ 25 વર્ષ સુધી વીજળી ભરવામાંથી મુક્તિ મેળવી તેમાંથી બચતા નાણાંનો ઉપયોગ સભાસદોના આર્થિક કલ્યાણ માટે થાય તેવી પણ લાગણી વ્યક્ત કરી હતી.આ યોજના હેઠળ છેવાડાના માનવી સુધી પ્રજાલક્ષી અને લોક કલ્યાણકારી સરકારની યોજના ઓ પહોંચડવા માટે પ્રથમ ૧,૦૦૦ અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) પરિવારોને સંપૂર્ણપણે વિના મૂલ્યે સોલરાઇઝેશન કરી આપવાનો પવિત્ર સંકલ્પ લેવામાં આવ્યો જે અંતર્ગત કુલ આઠ જણને મંજૂરીપત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

ગુજરાતમાં સર્વ પ્રથમ વોટ્સએપ બેન્કિંગ શરૂ કરનારી કે.ડી.સી.સી. બેંકના વોટ્સએપ બેન્કિંગ,ડિજિટલ બેન્કિંગ તથા QR કોર્ડની નિઃશુલ્ક સુવિધાનો લાભ લઈ ઘરે બેઠા જ વિશેષ બેન્કિંગ સેવાઓ મેળવવાનની પણ રજુઆત કરી હતી. વધુમાં હવે દરેક મંડળી પણ સર્વ સામાન્ય કેન્દ્ર(CSC) તથા ખેડૂત આયોજિત સંસ્થા (FPO) બની બેંક જેવું જ કાર્ય કરી શકશે જેથી નાણાં તથા અન્ય સુવિધાઓ માટે ગ્રાહકો અન્ય ગામની બેંકો કે કચેરીઓમાં દૂર સુધી ધક્કા ખાવા માંથી મુક્તિ મેળવી આર્થિક ભારણને ઘટાડી શકશે તેવી પણ વાત કરી હતી.

આ કાર્યક્રમમાં કેડીસીસી બેંકના ડિરેકટર શ્રી મહેન્દ્રસિંહ પરમાર દ્વારા પણ જિલ્લા બેંક આપણી બેંક ના સૂત્ર સાથે બેંકની વિવિધ ધિરાણ યોજાઓનો લાભ બેકમાંથી મેળવવા માટે અહવાહન કર્યું હતું તેઓએ બેંકની સ્થાપનાથી લઈ બેંકની પ્રગતિની ઝાંખી કરાવી હતી.

આ કાર્યક્રમમાં કેડીસીસી બેંકના ડિરેકટર શ્રી યોગેન્દ્રભાઈ પટેલ દ્વારા બેંકની વિવિધ ધિરાણ યોજાઓનો લાભ બેકમાંથી મેળવવા માટે તથા સોલરાઇઝેશન અપનાવવા માટે જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં કેડીસીસી બેંકના ચેરમેન ડૉ. (માનદ) તેજસકુમાર પટેલ, કેડીસીસી બેંકના ડિરેકટર શ્રી યોગેન્દ્રભાઈ પટેલ ,શ્રી મહેન્દ્રસિંહ પરમાર ,શ્રી ભરતભાઈ પટેલ,શ્રી દિલીપભાઈ પટેલ,ગામના આગેવાન શ્રી ઘનશ્યામભાઈ પટેલ તથા શ્રી કૌશિકભાઈ પટેલ અને મોટી સંખ્યામાં કરમસદ ગામના પ્રજાજનો તથા બેન્ક ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

#kdccbank#khedadccb#flccamp#karamsad#Anand#digitalmarketing#DigitalBankin

— Solanki Bhadreshkumar Javanbhai

રાજુલા શહેરમાં ફોરેસ્ટ કોલોની પાસે મહાકાળી માતાના મંદિરે ભવ્ય તુલસી વિવાહ મહોત્સવ



રાજુલા શહેરમાં ફોરેસ્ટ કોલોની પાસે મહાકાળી માતાના મંદિરે ભવ્ય તુલસી વિવાહ મહોત્સવ તારીખ 20/11/2026

રાજુલા શહેરમાં ફોરેસ્ટ કોલોનીની બાજુમાં મહાકાળી માતાના મંદિરે શ્રી ભગવત તુલસી વૃંદાના શુભ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે.

શુક્રવાર તારીખ 20/11/2026 ના શુભ દિવસે ભગવાન બ્રહ્માજી એ નક્કી કરેલ શ્રી ઠાકોરજી સાથે તુલસી માતાના લગ્ન પ્રસંગનું ભવ્ય આયોજન કરેલ છે.

આ પાવન ધાર્મિક ઉત્સવમાં તમામ ધર્મપ્રેમી ભાઈઓ બહેનો માતાઓ દીકરીઓ અને વડીલોને સહિયારો ભાગ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

કાર્યક્રમની વિગત

ઠાકોરજીની જાન ગામ અંબાડા મુકામેથી શ્રી ગોબરભાઈ સોંડાભાઈ સિંધવ ગામ અંબાડા થી જાન રાજુલા મહાકાળી માતાના મંદિરે પધારશે

કન્યાદાન માતા વૃંદાનું કન્યાદાન દિપકભાઈ કનુભાઈ પરમાર મહુવા વાળા દ્વારા કરવામાં આવશે

મહાપ્રસાદ ફરાળ સાંજે 7:15 કલાકે

શુભ સ્થળ ફોરેસ્ટ કોલોની કપની બાજુમાં મહાકાળી માતાનું મંદિર રાજુલા

આયોજક શ્રી શંભુ ભગત

અશ્વિનભાઈ શંભુભાઈ પરમાર

મુકેશભાઈ શંભુભાઈ પરમાર

આમંત્રિત મહેમાનો

આપણા લોકલાડીલા ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી રાજુલાજાફરાબાદખાંભા માજી ધારાસભ્ય શ્રી અમરીશભાઈ ડેર, નગરપાલિકા પ્રમુખ શ્રી મયુરદાદા દવે રણછોડભાઈ મકવાણા, કનુભાઈ છગનભાઈ ગોહિલ પી.એ. રવજીભાઈ સવજીભાઈ પરમાર, નરસિંહ ભગત પાનવાળા, અરવિંદભાઈ જેઠવા અમદાવાદ, બટુકભાઈ જાદવભાઈ વેગડ જૂની બારપટોળી, દેવશીભાઈ બાંભણિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

તો સર્વ ધર્મપ્રેમી ભક્તજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

જય માતાજી જય તુલસી માં

— Anil Vaghela

રાજુલા જલારામ બાપા જયંતિ ઊજવણી શોભાયાત્રા



રાજુલા જલારામ બાપા જયંતિ

ઊજવણી શોભાયાત્રા નિકળી

રાજુલા બાપા જલારામ જયંતિ


ઉજવણી કરવામા આવી શહેર મુખ્ય માર્ગ હવેલી ચોક હોસ્પિટલ ચોક બસસ્ટેશન પર શોભાયાત્રા નિકલી હતી બેન્ડ વાજા સાથે ધુન પ્રસાદ ભકતો વિતરણ કરવામા આવેલ જલારામ પ્રતિમા વ્યાયામ મંદિર પસે પર્વ ધારાસભ્ય અંબરીશ ડેર વિશ્વ હિન્દુ પરિષદ મંત્રી ચિરાગ ભાઈ બી જોષી દર્શન લાભ લઇ જોડાયેલ હોય રઘુવંશી સમાજ આગેવાન હકુભાઇ ઠક્કર મુકેશભાઈ સોમૈયા જયેશ ભાઈ નાગ્રેચા ધનશ્યામ ભાઈ મશરુ શૈલેષ ભાઈ સુવિધા વાળા રાજુભાઈ મીઠા વાળા ધંધા રોજગાર બંધ રાખી જલારામ ભકતો શોભાયાત્રા મા જોડાયેલ હોય જલારામ મંદિર પુર્ણ થઈ હતી

દેવશીભાઈ બાંભણિયા

— Anil Vaghela

LOCAL

સાવરકુંડલા બાયપાસ પર ગેસ ભરેલું ટેન્કર પલટ્યું, ટ્રાફિકમાં ગભરાટ



સાવરકુંડલા બાયપાસ પર આજે સાંજે ગેસ ભરેલું ટેન્કર પલટી ગયું, જેના કારણે આસપાસના લોકોમાં ભારે ભય ફેલાયો. ટેન્કર, જે પીપાવાવથી મોરબી તરફ જઈ રહ્યું હતું, અચાનક કાબૂ બહાર જતાં રોડની બાજુમાં પલટી ખાઈ ગયું.

ટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા. ગેસ લીકેજ થવાની આશંકાને પગલે લોકોમાં ભારે ભય ફેલાયો. ટેન્કરમાં ડ્રાઈવર સહિત બે લોકો સવાર હતા, સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

માહિતી મળતાં જ ફાયર બ્રિગેડ અને પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી. સાવચેતીના ભાગરૂપે રસ્તા પર ટ્રાફિક થોડા સમય માટે રોકી દેવામાં આવ્યો અને ગેસ લીકેજ છે કે કેમ તેની તપાસ હાથ ધરવામાં આવી.

ટેન્કર પલટવાનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરવાની જાહેરાત કરી.

— Rangpara Shaileshbhai

CRIME

અમરેલી: ગુંદરણ-પાંચ તલાવડા રોડ પર પીકઅપ અને બાઈક વચ્ચે ભીષણ અકસ્માત, એક યુવકનું મોત



અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ગુંદરણ-પાંચ તલાવડા રોડ પર શનિવારે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત પીકઅપ ગાડી અને બાઈક વચ્ચે થયેલી જોરદાર ટક્કરના કારણે થયો હતો, જેમાં બાઈકચાલક યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું અને બાઈક પર સવાર અન્ય એક યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

મળતી માહિતી અનુસાર, ગુંદરણ-પાંચ તલાવડા રોડ પર પસાર થઈ રહેલી પીકઅપ ગાડી અને સામેથી આવી રહેલી બાઈક વચ્ચે અચાનક ભયંકર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં બાઈકચાલક પ્રિન્સ રૂપેશ ગોહિલનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

બાઈક પર પાછળ બેઠેલા ૨૦ વર્ષીય અમિત પરમારને આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત અમિત પરમારને સારવાર અર્થે લીલીયા સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો.

લીલીયા સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ અમિત પરમારની હાલત વધુ ગંભીર જણાતા તેને વધુ સારવાર માટે અમરેલી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યો હતો. બીજી તરફ, પોલીસ ઘટનાસ્થળે પહોંચીને અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે. યુવકના અકાળે મોતથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

— Rangpara Shaileshbhai

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે રાજપીપળામાં ‘પ્રબુદ્ધ નાગરિક સંમેલન’ યોજાયું



રાજપીપળામાં ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે આંબેડકર હોલ ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું હતું.

આ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, રાજ્યકક્ષાના મંત્રી અને નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા તેમજ નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મંત્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે, જળ, જમીન અને જંગલના સંરક્ષણ માટે જીવન સમર્પિત કરનાર ભગવાન બિરસા મુંડાના વિચારો, સંઘર્ષ અને આદર્શોને જનજન સુધી પહોંચાડવા સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સાથે જ તેમણે વિકાસની સાથે આપણી વિરાસત અને સંસ્કૃતિને પણ જાળવી રાખવા અપીલ કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પનો ઉલ્લેખ કરી સૌને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બનવા અને મહાનુભાવોના આદર્શોને જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં સ્થાનિક પદાધિકારીઓ, વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો, અધિકારીઓ, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

આમ, ભગવાન બિરસા મુંડાના જીવનસંઘર્ષ, આદિવાસી સમાજના ગૌરવ અને સંસ્કૃતિના જતનનો સંદેશ આપતા આ સંમેલનમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો.

— Bhailalbhai Baria

LOCAL

સાબરકાંઠાની ચિઠોડા પોલીસ સ્ટેશનમાં ચોરીનો ભેદ ઉકેલ્યો, 5,59,300 રૂપિયા મૂલ્યના સોનાના દાગીના જપ્ત



26 ઓક્ટોબર 2026 ના રોજ, 09:00 થી 14:00 વાગ્યા વચ્ચે, ચિઠોડા પોલીસ સ્ટેશનની ચિત્રિયા ગામમાં, સુનિલકુમાર વિનોદભાઈ ધોધરાના ઘરમાં ચોરી થઈ, જેમાં રૂ. 5,59,300/- મૂલ્યના સોનાના દાગીના અને રોકડ ચોરાયા.

આ કેસની તપાસ માટે નાયબ પોલીસ મહાનિરીક્ષક વીરેન્દ્રસિંહ યાદવ (આઈપીએસ) અને પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ (આઈપીએસ) ને સૂચના આપવામાં આવી. પી.ઈ. શ્રી ડી.સી. સાકરિયા એલસીબી નાઓના માર્ગદર્શન હેઠળ, અલગ-અલગ ટીમોએ સ્થળની મુલાકાત, સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને શંકાસ્પદોની પૂછપરછ હાથ ધરેલી.

શંકાસ્પદ, સુનિલના નાના ભાઈ સિદ્ધરાજકુમાર વિનોદભાઈ, ગોગરા (આદિવાસી) તરીકે ઓળખાય છે, તેણે સ્વીકાર્યું કે તેણે 26/10/2026 ના રોજ ઘરના લોખંડના જાળીના દરવાજામાં હાથ નાખીને દાગીના અને રોકડ ચોર્યા અને પછી આંબાના ઝાડ નીચે જમીનમાં દાટી દીધા. તપાસમાં આ દાગીના અને રોકડ મળી આવ્યા.

ચોરાયેલા વસ્તુઓમાં 250,000 રૂપિયાની જાડી સોનાની ચેઈન, 500,000 રૂપિયાની પાતળી સોનાની ચેઈન, 100,000 રૂપિયાની સોનાની વીંટી, 200,000 રૂપિયાની સોનાની બુટ્ટીઓ, 400,000 રૂપિયાની સોનાની બુટ્ટીઓની જોડી, 2,500 રૂપિયાનો સોનાનો સિક્કો, 15,000 રૂપિયાનો ચાંદીનો કમરનો પટ્ટો, 15,000 રૂપિયાની ચાંદીની બુટ્ટીઓની જોડી, 1,000 રૂપિયાની ચાંદીની બંગડી, 1,000 રૂપિયાની ચાંદીની ચેઈન, 1,800 રૂપિયાની ચાંદીની ચેઈન અને 50,000 રૂપિયાની બંધ રકમ, કુલ રૂ. 5,59,300/-. ચિઠોડા પી.ઓ.એસ. એ આ ગુનાને જી.આર. નં. 11209057260448/2026 બી.એન.એસ. કલમ 30P(A), 331(3) હેઠળ નોંધાવ્યો અને આરોપીને રોક્યો.

— Kalpeshkumar Narayanbhai Panchal

POLITICS

ઠાસરા વિધાનસભા બેઠકમાં ધારાસભ્ય યોગેન્દ્રસિંહ પરમાર અને અન્ય નેતાઓ ઉપસ્થિત



ઠાસરા વિધાનસભાના આગામી કાર્યક્રમના આયોજનના ભાગરૂપે આજે બેઠક યોજાઈ. આ બેઠકમાં સ્થાનિક નેતાઓ અને સંગઠનોને એકત્રિત કરીને કાર્યક્રમની વિગતવાર ચર્ચા કરવામાં આવી.

પ્રભારી ચિરાગભાઈ, તેમજ જિલ્લા મંત્રી ઇન્દ્રજીતસિંહ ઉપસ્થિત રહ્યા. વિધાનસભા વિસ્તારમાંની તમામ સંગઠનો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પણ ભાગ લીધો.

સભ્યો દ્વારા કાર્યક્રમની સમયસૂચિ, પ્રચાર અને અમલ માટેની યોજનાઓ પર ચર્ચા થઈ. ઉપસ્થિત નેતાઓએ સહકાર અને સમન્વય માટે પ્રતિબદ્ધતા દર્શાવી.

— Solanki Bhadreshkumar Javanbhai

CRIME

લીલીયા પોલીસએ આંબા-સલડી માર્ગ પર વિદેશી દારૂની હેરાફેરીમાં શખ્સને ઝડપી



લીલીયા પોલીસ સ્ટેશનની ઇન્ચાર્જ પી.આઈ. પી.જે. રામાણીની સૂચના અને માર્ગદર્શન હેઠળ, ભાવનગર રેન્જ આઈ.જી.પી. આર.વી. અસારી અને અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતની સૂચના મુજબ, સાવરકુંડલા વિભાગના વિભાગીય ઇન્ચાર્જ અધિકારી નયના ગોરડિયાની કડક સૂચના મુજબ, પો.સ.ઈ. વાય.એમ. જાડેજા અને પોલીસ સ્ટાફ દ્વારા આંબા ગામથી સલડી ગામ તરફ જતાં ગાડા માર્ગ પર ગેરકાયદેસર દારૂ સાથે શખ્સને ઝડપી પાડવામાં આવ્યો.

શખ્સ પ્રકાશભાઈ કબાનભાઈ મેડા (ઉંમર ૨૧, રહેતા બાવડી ગામ, જોબટ, અલીરાજપુર, મધ્યપ્રદેશ)ને મારુતિ સુઝુકી ઇકો કારમાં વિદેશી દારૂ લઈ જતા પકડવામાં આવ્યો. તેની પાસેથી ૧૪૪ બોટલ વિદેશી દારૂ અને રૂ. ૨ લાખની ઇકો કાર સહિત કુલ રૂ. ૨,૨૫,૩૭૯નો મુદ્દામાલ કબજે થયો.

કબજે કરાયેલ દારૂમાં મેકડોવેલ્સ નંબર-૧ રિઝર્વ વ્હિસ્કીની ૨૯ બોટલ (કિંમત રૂ. ૫,૮૨૯) અને લંડન પ્રાઈડ પ્રીમિયમ વ્હિસ્કીની ૧૧૫ બોટલ (કિંમત રૂ. ૧૯,૫૫૦) સામેલ હતા.

આ મામલે લીલીયા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી) અને ૯૮(૨) મુજબ ગુનો નોંધાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

— Hanif Katiyar

NATIONAL

ભગવાન બિરસા મુંડા જેવા મહાન ક્રાંતિવીરોનો સંઘર્ષ અને રાષ્ટ્રપ્રેમ સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ છે.– મંત્રીશ્રી પી.સી.બરંડા*



સાબરકાંઠા જિલ્લામાં જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી અંતર્ગત ખેડબ્રહ્મા ખાતે આદિજાતિ વિકાસ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી પી.સી.બરંડાની ઉપસ્થિતિમાં પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું હતું.આ કાર્યક્રમમાં પ્રબુદ્ધ નાગરિકોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મંત્રીશ્રી પી.સી.બરંડાએ જણાવ્યું હતું કે, જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી માત્ર એક ઉત્સવ નથી, પરંતુ આદિજાતિ સમાજના ગૌરવશાળી ઇતિહાસ, સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરા અને દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કરવાનો અને નવી પેઢી સુધી પહોંચાડવાનો મહત્વપૂર્ણ અવસર છે. દેશના ઇતિહાસમાં આદિજાતિ સમાજના અનેક મહાન વીરો અને ક્રાંતિકારીઓએ પોતાના શૌર્ય, સાહસ અને બલિદાનથી વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે. ભગવાન બિરસા મુંડા જેવા મહાન ક્રાંતિવીરોનો સંઘર્ષ અને રાષ્ટ્રપ્રેમ સમગ્ર દેશ માટે પ્રેરણારૂપ છે. સમાજે દેશની આઝાદી, સંસ્કૃતિના જતન અને રાષ્ટ્રના નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. આવા વીર નાયકોના ઇતિહાસને લોકો સમક્ષ લાવવો અને તેમના વિચારો તથા આદર્શોને સમાજમાં પ્રસ્થાપિત કરવા એ આપણા સૌની જવાબદારી છે. આદિજાતિ સમાજને વિકાસની મુખ્યધારા સાથે જોડવા માટે સરકાર શિક્ષણ, આરોગ્ય, રોજગાર, માળખાગત સુવિધાઓ અને સામાજિક ઉત્થાનના ક્ષેત્રે સતત પ્રયત્નશીલ છે. આદિજાતિ વિસ્તારના નાગરિકોને વિકાસની સમાન તકો મળે અને યુવા પેઢી શિક્ષણ તથા પ્રગતિના માર્ગે આગળ વધે તે માટે વિવિધ યોજનાઓના માધ્યમથી સર્વાંગી વિકાસને વેગ આપવામાં આવી રહ્યો છે. જનજાતીય ગૌરવ સપ્તાહના કાર્યક્રમો થકી આદિજાતિ સમાજના ગૌરવ અને સ્વાભિમાનની ભાવના વધુ મજબૂત બને તેવો આશય છે.

આ પ્રસંગે વક્તાશ્રી નરેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ભારતની ભૂમિ હિમાલયથી લઈને કન્યાકુમારી સુધી અને પૂર્વોત્તર રાજ્યો સુધી વિવિધતા અને મહાન સંસ્કૃતિનો વારસો ધરાવે છે. આ દેવભૂમિએ અનેક મહાન વ્યક્તિત્વો આપ્યાં છે, જેમણે પોતાના જીવન અને કર્મોથી દેશની ધરતીને ગૌરવ અપાવ્યું છે. ભગવાન બિરસા મુંડા આવું જ એક વિરલ વ્યક્તિત્વ છે. માત્ર ૨૫ વર્ષની નાની વયે તેમણે અંગ્રેજ શાસન સામે સંઘર્ષ કરીને આદિજાતિ સમાજના અધિકારો, સ્વાભિમાન અને દેશના ગૌરવ માટે અસાધારણ યોગદાન આપ્યું હતું. તેમના જીવનનો સંઘર્ષ, સાહસ અને રાષ્ટ્રપ્રેમ આજે પણ સૌના માટે પ્રેરણારૂપ છે. વડાપ્રધાનશ્રી દ્વારા ભગવાન બિરસા મુંડાની જન્મજયંતિને જનજાતીય ગૌરવ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય એ આદિજાતિ સમાજના યોગદાન અને ગૌરવશાળી વારસાને રાષ્ટ્રીય સ્તરે સન્માન આપવાનું મહત્વપૂર્ણ પગલું છે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રીનાબેન પટેલ, નગરપાલિકા પ્રમુખશ્રી પ્રિયંકાબેન ખરાડી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, પ્રાયોજના વહીવટદારશ્રી વિશાલ સક્સેના, પ્રાંત અધિકારીશ્રી સહિત વિવિધ પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ અને પ્રબુદ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

***

રિપોટર અલ્પેશ પટેલ વડાલી

— Alpeshkumar Amruthbai Patel

CRIME

ભરૂચ A ડિવિઝન પોલીસની મોબાઇલ સ્નેચિંગ ગેંગ સામેની સફળતા



ભરૂચ A ડિવિઝન પોલીસએ મોબાઇલ સ્નેચિંગ ગેંગ સામે સફળતા મેળવી, બે નવા આરોપીઓને પકડ્યા અને એક મહિના થી ફરાર રહેલા નાર્કોટિક્સ સંબંધિત આરોપીને પણ કેદ કર્યો.

પોલીસે CEIR પોર્ટલ અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી ગેંગની ઓળખ કરી, જેના પરિણામે બાઈક, છ મોબાઇલ અને ૩.97,000ની નગદ રકમ કબ્જે થઈ.

આ કાર્યવાહી બે અલગ-અલગ કેસોમાં કરવામાં આવી, જેમાં પ્રથમ કેસમાં બાઈક અને છ મોબાઇલની તસ્કરી અને નાણાકીય મુદ્દામાલનો સમાવેશ હતો, જ્યારે બીજા કેસમાં નાર્કોટિક્સ કાયદા હેઠળના ગુનાઓનું નિર્દેશન હતું.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ સફળતા ગેંગને નાશ કરવા અને જાહેર સુરક્ષા વધારવા માટેની સતત કોશિશોનું પરિણામ છે.

— Shahid Mansuri

ભુજ પોલીસે એલ્યુમિનિયમ વાયરોની ચોરીમાં ચાર આરોપીઓને ધરપકડ કરી, ૩.૫૦ લાખનો મુદ્દામાલ કબજે



ભુજ પોલીસએ કચ્છના અબડાસા તાલુકાના નલીયા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એલ્યુમિનિયમ વાયરોની ચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો. એલસીબીની ટીમે બાતમીના આધારે કાર્યવાહી કરી ચાર આરોપીઓને ઝડપી પાડી અને ૩.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો.

વાહનમાં આશરે ૧,૦૦૦ કિલો એલ્યુમિનિયમ વાયરો મળી આવ્યા, જેની કિંમત ૧.૫૦ લાખ હતી, અને ૨ લાખની કિંમતનું લોડીંગ વાહન પણ કબજે કરવામાં આવ્યું. આ ગુનામાં ભીલાલ ઓસ્માણ બાયડ, સોયબ સુલેમાન સમેજા, અકબર ઓસ્માણ બાયડ અને એઝાઝ સુમરા આગા તમામ ધરપકડ કરવામાં આવ્યા.

નલીયા પોલીસ સ્ટેશનના એ પાર્ટ ગુ.ર.નં.૦૨૬૨/૨૬ મુજબ ગુનાનો ભેદ ઉકેલાયો અને BNSS કલમ ૩૫(૧)(ઇ) મુજબ અટકાયત કરવામાં આવી. આ સમગ્ર કામગીરી પોલીસ મહાનિરીક્ષક શ્રી ચિરાગ કોરડીયા અને પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક શ્રી વિકાસ સુંડા સાહેબના માર્ગદર્શન હેઠળ પીઆઇ એ.એમ.મકવાણા, પીએસઆઈ જે.બી. જાદવ, પીએસઆઈ એમ.એચ.શીણોલ અને એલસીબીના પોલીસ કર્મચારીઓએ કરી.

— Rameshbhai Ven

SPORTS

કપરાડાના સુલિયા ગામના યુવાનોની લાચારી: સરપંચની ઉદાસીનતા સામે પથ્થરો હટાવી જાતે જ બનાવ્યું ક્રિકેટ ગ્રાઉન્ડ



કપરાડાના સુલિયા ગામના યુવાનોની લાચારી: સરપંચની ઉદાસીનતા સામે પથ્થરો હટાવી જાતે જ બનાવ્યું ક્રિકેટ ગ્રાઉન્ડ

આઝાદીના આટલા વર્ષો બાદ પણ પાયાની સુવિધાઓથી વંચિત છે સુલિયા ગામના યુવાનો

તમે ક્યાં મોટા ખિલાડીઓ છો કે ગ્રાઉન્ડ જોઈએ?" - સરપંચના સંવેદનહીન જવાબથી યુવાનોમાં રોષ

રાજ્ય અને નેશનલ સ્તરે રમી ચૂકેલા ખેલાડીઓ હોવા છતાં ગામમાં નથી રમત-ગમતનું મેદાન

કપરાડા તાલુકાના અંતરિયાળ એવા સુલિયા ગામના યુવાનો છેલ્લા કેટલાક વર્ષોથી રમત-ગમત માટેના ક્રિકેટ ગ્રાઉન્ડની માંગ કરી રહ્યા છે, પરંતુ ગ્રામ પંચાયતના બહેરા કાને આ અવાજ ન પહોંચતા આખરે યુવાનોએ મજબૂરીવશ ખાડીના પથ્થરો જાતે જ ખસેડીને રમતનું મેદાન તૈયાર કર્યું છે અને ત્યાં રમી રહ્યા છે.

ગામના યુવાનોના જણાવ્યા અનુસાર, સુલિયા ગામના સરપંચ નયનાબેન મહાદુભાઈ ચૌધરી છે, પરંતુ વ્યવહારમાં તમામ કામગીરી તેમના પતિ મહાદુભાઈ ચૌધરી સંભાળી રહ્યા છે. જ્યારથી આ સત્તા ચૂંટાઈને આવી છે, ત્યારથી યુવાનો દ્વારા ક્રિકેટ ગ્રાઉન્ડ માટે મૌખિક તેમજ ગ્રામસભામાં મોખિક રજૂઆતો કરવામાં આવી છે. જોકે, સરપંચ કે સભ્યો દ્વારા યુવાનોના પ્રત્યે કોઈ જ સકારાત્મક અભિગમ દાખવવામાં આવ્યો નથી.

વાત મૂકી, ત્યારે સરપંચ તરફથી અત્યંત અપમાનજનક જવાબ મળ્યો હતો કે, "તમે ક્યાં મોટા ખિલાડીઓ છો કે તમને ગ્રાઉન્ડ જોઈએ?" સરપંચની આ માનસિકતા સ્પષ્ટ દર્શાવે છે કે તેમને ગામના યુવાનોના વિકાસ સાથે કોઈ લેવાદેવા નથી અને માત્ર પોતાના સ્વાર્થ માટે જ સત્તા મેળવી હોય તેવું પ્રતીત થાય છે. યુવાનો જ્યારે ગ્રાઉન્ડ માટે જગ્યાની માંગણી કરતા, ત્યારે સરપંચ ઊલટું યુવાનોને જ 'જગ્યા શોધી આપવા'નું કહીને પોતાની જવાબદારીમાંથી છટકી જતા હોવાનો આક્ષેપ પણ યુવાનો કરી રહ્યા છે.સુલિયા ગામના યુવાનોમાં પ્રતિભાની કોઈ કમી નથી. આ ગામના અનેક યુવાનો રાજ્ય અને નેશનલ લેવલ સુધી રમી ચૂક્યા છે. આ ઉપરાંત પોલીસ, ફોરેસ્ટ અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનોને પણ યોગ્ય સુવિધાઓના અભાવે ગામ બહાર જઈને તૈયારીઓ કરવાની ફરજ પડે છે. ગામના સત્તાધીશો પાસે આવનારી યુવા પેઢીના ભવિષ્ય માટે કોઈ વિઝન ન હોવાનો રોષ પણ ગ્રામજનોમાં જોવા મળી રહ્યો છે.માત્ર ક્રિકેટ ગ્રાઉન્ડ જ નહીં, પરંતુ સુલિયા ગામમાં આજે પણ અનેક ગંભીર સમસ્યાઓ મોઢા ફાડીને ઊભી છે. ગામમાં શૌચાલયની યોગ્ય સુવિધા નથી, આરોગ્ય કેન્દ્ર નથી તેમજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે પણ રમવા માટે ગ્રાઉન્ડ ઉપલબ્ધ નથી. આઝાદીના આટલા વર્ષો વીતી જવા છતાં સામાન્ય નાગરિકોની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી.

સ્થાનિક સરપંચ અને પંચાયત દ્વારા યુવાનોના પ્રશ્નોની સતત ઉપેક્ષા કરવામાં આવતી હોવાથી, હવે સુલિયા ગામના યુવાનોએ ઉચ્ચ તંત્ર અને સરકાર સમક્ષ ન્યાયની ગુહાર લગાવી છે. યુવાનોની માંગ છે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે સુલિયા ગામમાં એક સુંદર ક્રિકેટ ગ્રાઉન્ડ અને અન્ય પાયાની સુવિધાઓ વિકસાવવામાં આવે, જેથી ગામના તમામ યુવાનો સ્વસ્થ અને ખુશીથી રમી શકે તથા પોતાની પ્રતિભાને વધુ ઉજાગર કરી શકે.

— VITHALBHAI CHAUDHARI

POLITICS

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને બીજેએપી અધિકારીઓએ 'શ્રી કમલમ્' પ્રદેશ કાર્યાલયમાં નવું વર્ષ ઉજવ્યું



પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ અધ્યક્ષ જગદીશ પંચાલ અને પ્રદેશ પ્રભારી તરુણ ચુઘે દરેક કાર્યકર્તાને રૂબરૂ મળી નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી.

કાર્યક્રમમાં પાર્ટીના કાર્યકર્તાઓને તેમની સેવાઓ માટે પ્રશંસા કરવામાં આવી અને સંગઠનની સાચી શક્તિ તરીકે તેમને સન્માનિત કરવામાં આવ્યું.


મુખ્યમંત્રી અને અન્ય અધિકારીઓએ 'ગુજરાત બીજેએપી પરિવારને નવા વર્ષમાં રામ-રામ' કહીને શુભેચ્છા વ્યક્ત કરી.

આ કાર્યક્રમ દ્વારા પાર્ટી સભ્યો વચ્ચે સહકાર અને એકતા મજબૂત કરવાની કોશિશ કરવામાં આવી.

— Solanki Bhadreshkumar Javanbhai

BUSINESS

ફર્નિચર સ્ટોર



ઇલેક્ટ્રોનિક અને ફર્નિચર દુકાન

LOCAL

સાબરકાંઠા ચિતરીયા ગામમાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી, ₹5,59,300 ની સંપત્તિ પુનઃપ્રાપ્ત..



સાબરકાંઠાના-:

ચિતરીયા ગામમાં 26 ઓક્ટોબર 2026 ના રોજ ઘરફોડ ચોરીનો કેસ ઉકેલાયો. ચિતરીયા ગામમાં રહેલા સુનીલકુમાર વિનોદભાઈ ધોધરાના ઘરમાંથી ₹5,59,300 ની મૂલ્યની સોનાની દાગીના અને રોકડ રકમ મળી.ચીઠોડા પોલીસ સ્ટેશન દ્વારા પાર્ટ ગુન્હો રજીસ્ટર નં 11209057260448/2026 હેઠળ ગુન્હાની નોંધણી થઈ. નાયબ પોલીસ મહાનિરીક્ષક વિરેન્દ્રસિંહ યાદવ અને પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહીલની સૂચના હેઠળ, પોલીસ ઇન્સ્પેક્ટર ડી.સી.સાકરીયા એલ.સી.બી. અને ટીમે સ્થળની મુલાકાત CCTV ફુટેજ,ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસ તપાસ કરી.હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ અને હેડ કોન્સ્ટેબલ દેવરાજ ભાઈની મદદથી આરોપી સિધ્ધરાજકુમાર વિનોદભાઈ (ગોગરા) ની ઓળખ અને કબુલાત મેળવી..

તેમણે જણાવ્યું કે 26 ઓક્ટોબરે સુનીલકુમારના ઘરમાં પ્રવેશ કરી, પેટીમાં રહેલા દાગીના અને રોકડ ચોરી કરી અને જમીનમાં દાટીને છુપાવી દીધા.પછી ચોરીમાં ગયેલી સંપત્તિ પુનઃપ્રાપ્ત કરી અને આરોપીને ધરપકડ કરી.ચીઠોડા પોલીસ સ્ટેશનમાં કેસ સોંપવામાં આવ્યો અને વધુ તપાસ ચાલી રહી છે.પ્રશાસનીય કામગીરી કરનાર અધિકારી અને કર્મચારીઓ જેમાં ડી.સી.સાકરીયા પોલીસ ઇન્સ્પેક્ટર,આર.કે.જોષી પોલીસ સબ ઇન્સ્પેક્ટર,આર.જે.જાડેજા પોલીસ સબ ઇન્સ્પેક્ટર,કમલેશસિંહ રજૂસિંહ આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર,હેડ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ લાલજીભાઈ,દેવરાજ ખીમજી હેડ કોન્સ્ટેબલ,પ્રવિણસિંહ ચતુરસિંહ પોલીસ કોન્સ્ટેબલ,પોલીસ કોન્સ્ટેબલ નિલેશકુમાર બાબુભાઈ,નરેન્દ્ર સુર્યકાંતભાઈ પોલીસ કોન્સ્ટેબલ,કનકસિંહ દિલિપસિંહ પોલીસ કોન્સ્ટેબલ,નરેન્દ્રસિંહ નારસિંહ ડ્રાંઇવર પોલીસ કોન્સ્ટેબલ,ડ્રાંઇવર પોલીસ કોન્સ્ટેબલ કાળાજી ભગાજી.

— એસ એ શિરોયા

LOCAL

દાહોદ ફતેપુરા તાલુકામાં ઝાલોદ રોડ માર્કેટ યાર્ડ સામે પાર્ક કરેલી મોટરસાયકલમાં આગ લાગી



દાહોદ, ગૂજરીયાત – ફતેપુરા તાલુકાના ઝાલોદ રોડ માર્કેટ યાર્ડ સામે પાર્ક કરેલી એક મોટરસાયકલમાં અચાનક આગ લાગી. સ્થાનિક રહેવાસીઓએ આગ માં પાણી છાટી હોલવવા માં આગને ઝડપથી કાબૂમાં લેતા, મોટરસાયકલને સંપૂર્ણ રીતે નષ્ટ કરી દીધું. આગને કારણે કોઈ વ્યક્તિને ઇજા ન થઈ અને કોઈ સંપત્તિ નુકસાન નોંધાયું નહી

— Dabgar girish kumar